**વડીલોને વંદન**
**અભિનંદન**



નિરંજનાબેન વરિઆ
(૧૯૪૬) ફોન : ૨૩૨૨૬૩૧૭

## પાલનપુરના અંબિકાનગરમાં તસ્કરો ત્રાટક્યા

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરના અંબિકાનગરના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે શહેર પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના અંબિકાનગર ખાતે રહેતા ભરતભાઈ પરીખ પોતાના વતન વાવ તાલુકાના પાણકા ગામે ગુરુ મહારાજના દર્શન અર્થે ગયા હતા ત્યારે ચોર ઈસમોએ તેમના ઘરના દરવાજાનો નકુચો તોડી ઘરમાં અંદર પ્રવેશી અડધા તોલાની બુટ્ટી ચાંદીના સિક્કા નંગ-૯ તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૭૪,૫૦૦ની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. ઘટનાની ફરિયાદ ભરતભાઈએ શહેર પોલીસ મથકે નોંધાઈ છે.

## અમદાવાદ જિલ્લામાં આજે ૧૧ પશુ આરોગ્ય મેળા

અમદાવાદ, તા. ૧૪

અમદાવાદ જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમિયાન આજે કુલ ૧૧ પશુ આરોગ્ય મેળા યોજાશે. દસક્રોઈ તાલુકાના ગીરમથા, સાણંદના મટોડા, વિરમગામના ઉખલોડ, માંડલ વરમોર, દેત્રોજના શિહોર, ધોળકાના સહીજ તેમજ આંબેઠી, બાવળાના વાસણા ઢેઢાળ ધંધુકાના ઓતારિયા, રાણપુરના દેવગણા તેમજ બરવાળાના રાણપરી ગામે જિલ્લા પંચાયતનીપશુપાલન શાખા દ્વારા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેનો પશુપાલકોએ લાભ લેવા પશુપાલન અધિકારીશ્રીએ જણાવ્યું છે.

# પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ચૂંટણી અંગેની પ્રેસ પરિષદ યોજાઈ

### લગ્નસરાની સીઝન અને ગરમીને લઈને મતદાનના સમયમાં વિશેષ વધારો કરાયો

પાલનપુર, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લા સમાહર્તા હિંગરાજીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મીડીયાને માહિતી આપવા માટે પ્રેસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં જિલ્લાના તમામ ઈલેક્ટ્રોનીક પ્રિન્ટ મિડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા ચૂંટણી અધિકારીએ માહિતી આપતાં જણાવેલ કે બ.કા. જિલ્લામાં મતદાન મથકોની કુલ સંખ્યા ૧૭૫૫ છે. અને મતદારોની કુલ સંખ્યા ૧૪,૬૬,૭૬૧ છે. વધુમાં તેમણે જણાવેલ કે લગ્નસરાની સીઝન અને ગરમીના કારણે મતદાનના સમયમાં વિશેષ વધારો કરીને સવારના ૭ થી ૬ કલાકનો કરાયો છે. જિલ્લામાં સંવેદનશીલ મતદાન કેન્દ્રો માટે વિશેષ કાળજીપૂર્વક આયોજન હાથ ધરવામાં આવેલ છે. મતદાન માટે કુલ ૧૫,૭૦૦ જેટલા કર્મચારીઓ જોડાશે. નાગરીકો ચૂંટણી અંગે પોતાની રજુઆત કરી શકે તે માટે ટોલ ફ્રી ૧૮૦૦૨૩૩૨૭૪૨ ને કાર્યરત બનાવાયો છે.

ચૂંટણી ક્રિયા પર નજર રાખવા રાખવા કુલ ૭૬ જેટલી વિવિધ ટીમો બનાવવામાં આવી છે. મતદાનમાં નોંધપાત્ર વધારો થાય તે માટે મતદાતા જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો નજીકના સમયમાં યોજાશે. મતદાન કામગીરી માટે વિડીયો સર્વેલન્સની ૧૨ ટીમ, એકાઉન્ટીંગની ૭ ટીમ, ફ્લાઈંગ સ્કવોર્ડની ૯ ટીમ, સ્ટેટીકસર્વેલન્સની ૨૧ ટીમ અને આચારસંહિતાની ૯ ટીમ કાર્યરત છે. પ્રેસ પરિષદમાં ચૂંટણી



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

અને જરૂરી માર્ગદર્શન આપવા ચૂંટણી પંચ દ્વારા ત્રણ ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર ઝીણવટભરી નજર માટે ઈવીએમ ચકાસણીની તૈયારીઓ ચાલી રહી છે. જેમાં ૪૧૦૦ બીયુ અને ૨૫૦૦ સીયુનું ફસ્ટ લેવલ ચેકીંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. ચૂંટણી અધિકારી એન.એલ. પાંડોર, નોડલ ઓફિસર એક્ષપેન્ડીચર, માહિતી નિયામક કાન્તાબેન પટેલ સહિત અનેક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રેસ સર્કલ પાસેથી વહેલી સવારે ૧૨૦૦ કિલો ગૌમાંસ ઝડપાયું

### પીકઅપ ડાલુ ભરીને ત્રણ શખ્સો ગૌમાંસ લઈ જઈ રહ્યા હતા : એકની ધરપકડ : ૨ ફરાર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પર સ્થિત પ્રેસ સર્કલ પાસેથી આજે વહેલી સવારે ગૌમાંસનો જથ્થો ભરેલું એક પીકઅપ ડાલુ ઝડપાઈ ગયું હતું. પીકઅપ ડાલામાંથી ૧૨૦૦ કિલો માંસ નીકળ્યું હતું. પોલીસ ૮૦ હજારનો માંસનો જથ્થો અને વાહન કબ્જે લઈ ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. જ્યારે બે શખ્સો ત્યાંથી ફરાર થઈ ગયા હતા તેમની શોધખોળ શરૂ કરી છે. પકડાયેલો માંસનો જથ્થો ગૌમાંસ છે કે કેમ તેને પરિક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યું છે. સે. ૨૧ પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.

શહેરના પ્રેસ સર્કલ ઘ-૭ પાસેથી પસાર થઈ રહેલા પીકઅપ ડાલા નં. જીજે-૧૭-એકસ-૯૫૨૫માંથી ૧૨૦૦ કિલો માંસનો જથ્થો ઝડપાઈ ગયો હતો. વહેલી સવારે સાડા છ વાગ્યાના અરસામાં માંસ ભરેલું ડાલુ પોલીસના હાથે પકડાયું હતું.

ત્રણ શખ્સો પીકઅપ ડાલામાં સવાર સવાર હતાં જે પૈકી બે શખ્સો અમદાવાદના જમાલપુર ખાતે રહેતા ગફુરખાન શમશેરખાન અને શાહપુર રહેતા નાસીર નામના શખ્સો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ડાલુ ચલાવી રહેલો શખ્સ શૈયદ મહેમુદ વોરા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે ૮૦ હજારનું માંસ ઝડપી પાડી તેનો નાશ કર્યો હતો અને ડાલુ જપ્ત કરી એક શખ્સની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા અન્ય બે આરોપીઓને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે. ગૌમાંસ છે કે કેમ તેના પરિક્ષણ માટે એફએસએલની મદદ લેવામાં આવી છે.

# બ્રહ્મસમાજના યુવક-યુવતિઓ માટે કારકિર્દી માર્ગદર્શન ઈન્સ્ટીટ્યુટનું લોકાર્પણ

પાલનપુર, તા. ૧૪

પાલનપુર ખાતે પરશુરામ જયંતિના પ્રસંગે પરશુરામ પરિવાર, સમસ્ત બ્રહ્મસમાજ બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે બ્રાહ્મણ સમાજના યુવક-યુવતિઓ માટે યુ.પી.એસ.સી. જી.પી.એસ.સી. બેન્કીંગ સહિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બ્રહ્મસમાજ કેરીયર એન્ડ કાઉન્સેલીંગ ઈન્સ્ટીટ્યુટનો શુભારંભ પૂર્વ મંત્રી જયનારાયણભાઈ વ્યાસના હસ્તે કરાયું હતું.

જય પરશુરામ હરહર મહાદેવના મંત્રોચ્ચાર સાથે હજારો ભૂદેવો પરિવારજનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મ સંમેલન સમાજના તેજસ્વી તારલાઓ, મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ બ્રહ્મ ભોજન અને ડાયરાની મોજ લોકોએ માણી હતી. તેમજ સમાજને એકરૂપ થવા હાંકલ કરી હતી. આ



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પ્રસંગે બ્રહ્મસમાજના અગ્રણીઓ શૈલેષભાઈ જોષી, જગદીશભાઈ દવે, ગણપતભાઈ જોષી, હરેશભાઈ શર્મા, ભાવેશભાઈ રાવલ, નરેશભાઈ ગંગારામ રાવલ, ચેતનભાઈ પ્રબોધભાઈ રાવલ, સોમનાથ દવે સહિત ચુંદડીવાળા માતાજી ખાસ હાજર રહ્યા હતા. આમંત્રિત મહેમાનો દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં સમાજને એકરૂપ થવા અને એકબીજાને મદદરૂપ થવા જણાવ્યું હતું.

# સોહરાબ કેસમાં રાજસ્થાનના પૂર્વ ગૃહમંત્રી પણ આરોપી

### મુંબઈ હાઈકોર્ટમાં સીબીઆઈ દ્વારા દાખલ થયેલી પૂરવણી ચાર્જશીટમાં ઉલ્લેખ

અમદાવાદ, તા. ૧૪

સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના પૂર્વગૃહમંત્રી બાદ રાજસ્થાનના પૂર્વ ગૃહમંત્રી ગુલાબચંદ કટારીયાને પણ સીબીઆઈએ આરોપી દર્શાવ્યા હતાં.

ગુજરાતમાં નરેન્દ્ર મોદી શાસન દરમિયાન થયેલા સોહરાબુદ્દીનના નકલી એન્કાઉન્ટરમાં ગુજરાતના પુર્વ ગૃહમંત્રી અમિત શાહ સહિત પોલીસ અધીકારીઓ ડી.જી.વણઝારા, અભય ચૂડાસમા સહિતના આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા હતાં જેમાં અમીત શાહ સિવયાના મોટાભાગના આરોપીઓ હજુ જેલવાસ ભોગવી રહ્યા છે.

સીબીઆઈએ સોહરાબુદ્દીન નકલી એન્કા.ન્ટર કેસમાં રાજસ્થાના પૂર્વ ગૃહમંત્રી અને ભાજપનાનેતા ગુલાબચંદ કટારીયા સહિત ૪ લોકોને આરોપી દર્શાવ્યાછે. આજે મુંબઈ કોર્ટમાં દાખલ કરેલી સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં સીબીઆઈએ કહ્યું કે ગુલાબચંદ કટારિયા ગુજરાતનાં ગૃહપ્રધાન અમિત શાહ અને વિમલ પટની વચ્ચેની કડી હતા.

સીબીઆઈએ જણાવ્યું કે આર.કે.માર્બલના માલિક વિમલ પટની પાસેથી સોહરાબુદ્દીને ૨૪ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. જેના માટે તેની હત્યા કરવામાં આવી. સૂત્રોના જણાવ્યા મુજબ આ મામલે જે તપાસ થઈ તેમાં સીબીઆઈએ માત્ર ગુજરાતનો જ ઉલ્લેખ કર્યો હતો. ત્યારે આજે પ્રથમવાર પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. જેમાં રાજસ્થાનનાં પૂર્વ ગૃહપ્રધાનને પ્રમુખ આરોપી દર્શાવવામાં આવ્યા છે. સાથે જ વિમલ પટણી, બાલા સુબ્રહ્મણ્યમ અને જી. નિવાસ રાવને પણ આરોપી દર્શાવવામાં આવ્યા છે.

# રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ બી.પી.એલ. પરિવાર માટે સ્માર્ટ કાર્ડ બનાવવાની બીજી તક

અમદાવાદ, તા.૧૪

કેન્દ્ર સરકાર તથા ધી ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપનીના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ બી.પી.એલ. પરિવારના સ્માર્ટ કાર્ડની નોંધણીમાં બાકી રહી ગયેલા પરિવારની નોંધણી તા. ૧૩-૫-૨૦૧૩ થી તા. ૨૫-૫-૨૦૧૩ના દિવસો દરમિયાન દરેક ઝોનમાં માસ્ટર કીઓસ્ક આર.એસ.બી.વાય. યોજના હેઠળ શરુ કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત સેન્ટ્રલ ઝોન માટે શાહપુર અર્બન હેલ્થ સેન્ટર, શાહપુર ચકલા, મેટરનીટી હોમ, શાહપુર, પશ્ચિમ ઝોન માટે નવરંગપુરા અર્બન હેલ્થ સેન્ટર, લાલ બંગલા પાછળ, એઈડઝ કન્ટ્રોલ સોસાયટી પાસે, સી.જી. રોડ, પૂર્વ ઝોન માટે રખિયાલ અર્બન હેલ્થ સેન્ટર, રખિયાલ ડિસ્પેન્સરી હાઉસ, રખિયાલ ચાર રસ્તા, રખિયાલ ઉત્તર ઝોન માટે પ્રથમ માળ, સૈજપુર સબ-ઓફીસ સૈજપુર ટાવર, સૈજપુર, દક્ષિણ ઝોન માટે મણિનગર મસ્ટર ઓફીસ, મણીનગર રેલવે સ્ટેશન સામે સિંધી માર્કેટ, નવા પશ્ચિમ ઝોન માટે સરખેજ અર્બન હેલ્થ સેન્ટર, આઈ.ટી.આઈ. સામે, સરખેજ, અમદાવાદ ખાતે સ્માર્ટ કાર્ડ માટે નોંધણી કરાવી શકાશે.

# પોશીના નજીક જીપ ઝાડ સાથે અથડાતા એકનું મોત

મોડાસા, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પોશીના પંથકના પડાપાટ બસ સ્ટેન્ડ નજીક પસાર થઈ રહેલી જીપના ચાલકે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા સર્જાયેલા અકસ્માતમાં જીપ ચાલકનું મોત નીપજ્યું હતું.

તાલુકાના પડાપાટ ગામના બસ સ્ટેન્ડથી આગળના સ્ટેન્ડ તરફ જીપ ચાલક રાજેશ મનુભાઈ પરમાર પોતાના કબજાની જીપ લઈ જઈ રહ્યો હતો ત્યારે માર્ગ ઉપરની ડીપ પાસે અચાનક જીપ ચાલકે જીપ ઉપરનો કન્ટ્રોલ ગુમાવતા ધડાકાભેર જીપ ઝાડ સાથે અથડાઈ હતી અને અકસ્માતમાં જીપ ચાલક રાજેશ મનુભાઈ ઉ.વ. ૨૩નું મોત નીપજ્યું હતું જ્યારે જીપનો ક્લીનર અકસ્માતથી ગભરાઈ બીકનો માર્યો ભાગી છૂટ્યો હોવાનું પોશીના પોલીસ મથકના પીએસઓ દિનેશભાઈએ જણાવ્યું છે. પોશીના પોલીસ સ્ટેશને મરનાર જીપ ચાલક રાજેશના પિતા મનુભાઈ કલાભાઈ પરમારે અકસ્માતની જાણ કરતી ફરીયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુર એરોમા સર્કલ પાસે બાઈક-ટ્રક વચ્ચે અકસ્માત

પાલનપુર, તા. ૧૪

પાલનપુરના એરોમા સર્કલ પર ગતરાત્રીએ બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલક યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને ટ્રકચાલક પર ફિટકાર વરસાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર તાલુકાના કરપેડાનો રહેવાસી શૈલેષભાઈ મકવાણા ગતરાત્રિના સુમારે એરોમા સર્કલ તરફથી સીટીમાં આવતા હતા ત્યારે અચાનક બાઈક સ્લીપ ખાઈ ગયું હતું અને સામેથી આવી રહેલી ટ્રકના વ્હીલમાં બાઈક ઘુસી જતાં શૈલેષભાઈનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે આવીને ફસાયેલા મૃતદેહને બહાર નીકાળીને પી.એમ. અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો.

બનાવની જાણ મૃતકના પરિવારને થતાં સિવિલ હોસ્પિટલ ખાતે ટોળેટોળા ઉમટ્યા હતા. મૃતકના સ્નેહીજનોના હૈયાફાટ રૂદનથી સિવિલ કમ્પાઉન્ડમાં હાજર લોકોની આંખમાંથી પણ આંસુ સરી પડ્યા હતા અને વાતાવરણ શોકમગ્ન બની ગયું હતું.

# પેટાચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર ભરવા માટે છેલ્લો દિવસ

### જ્ઞાતિવાદ સમીકરણોને ધ્યાનમાં લઈ ઉમેદવારો ઉતારાયા
### જેતપુરમાં લેઉવા અને ધોરાજીમાં કડવા પટેલ ઉમેદવાર

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે તા. ૨જી જૂનના રોજ યોજાનારી પેટા ચૂંટણી માટે ભાજપે આજે તમામ છ ઉમેદવારોના નામો જાહેર કર્યા હોવાથી આ છ બેઠકો પર હવે ભારે રસાકસીભર્યા જંગ જામશે. કોંગ્રેસ પક્ષ દ્વારા રવિવારના દિવસે જ ઉમેદવારોના નામોની જાહેરાત કરી દેવામાં આવી હતી. પરંતુ ભાજપ દ્વારા જાતિવાદ સમીકરણો અને જીતી શકે તેવા ઉમેદવારોની પસંદગી ઉપરાંત આંતરિક મતભેદોને કારણે ઉમેદવારોની યાદી વિલંબથી જાહેર કરી હતી. આવતીકાલે તા. ૧૫મી મેના રોજ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ હોવાથી ભાજપે કેટલાક ઉમેદવારો દ્વારા બેઠક બદલવાના વ્યક્તિગત આગ્રહને બાજુએ હડસેલીને પ્રદેશ એકમ દ્વારા મોકલવામાં આવેલા નામો ઉપર જ મંજુરીની મહોર મારી હતી. આ પેટા ચૂંટણીમાં રાજકીય દ્રષ્ટિએ સહુથી રસપ્રદ બાબત એ છે કે થોડા સમય અગાઉ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના કદાવર નેતા વિઠ્ઠલ રાદડીયાને ફરીથી પોરબંદર લોકસભાની બેઠક પરથી ચૂંટણી લડાવવા ભાજપ દ્વારા ટિકિટ આપવામાં આવી છે. તેવી જ રીતે તેમના પુત્ર જયેશ રાદડીયાને પણ ફરીથી જેતપુર વિધાનસભાની બેઠક પરથી ચૂંટણી લડવા ભાજપે ટિકિટ આપી છે. આ પિતા-પુત્રએ ભાજપમાં જોડાતા તેમની બેઠકો પરથી રાજીનામા આપી દીધા હતા. વિધાનસભાની ચૂંટણીમાં લીંબડીની બેઠક પરથી જીતેલા કોંગ્રેસના સાંસદ સોમાભાઈ ગાંડાભાઈ પટેલ કોંગ્રેસ હાઈકમાન્ડના કહેવાથી તેમનું સાંસદપદ યથાવત રાખી લીંબડી વિધાનસભાની બેઠક પરથી રાજીનામું આપ્યું હોવાથી ખાલી પડેલી આ બેઠક પરથી તેમના પુત્ર સતીષ પટેલને કોંગ્રેસ દ્વારા ટિકિટ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત બનાસકાંઠાના સાંસદ મુકેશ ગઢવીના અવસાનને કારણે ખાલી પડેલી લોકસભાની બેઠક પર સ્વ. મુકેશ ગઢવીના પત્ની ક્રિષ્ણાબેન ગઢવીને ટિકિટ આપી છે. તેવી જ રીતે મોરવાહડફ વિધાનસભાની બેઠક પરથી ચૂંટાયેલા જાહેર થયા બાદ તુરંત જ અવસાન પામેલા કોંગ્રેસના ધારાસભ્ય સવિતાબેન ખાંટના નિધનને કારણે આ બેઠક પરથી તેમના પુત્ર ભુપેન્દ્ર ખાંટને ટિકિટ અપાઈ છે. ભાજપે બીજી તરફ લીંબડીની બેઠક પરથી સોમાભાઈ પટેલ સામે હારી ચૂકેલા કિરીટસિંહ રાણાને ફરીથી ટિકિટ આપી છે. આ વખતે આ બેઠક પરથી સોમાભાઈ પટેલના પુત્ર સતીષ પટેલ અને કિરીટસિંહ રાણા વચ્ચે જોરદાર ટક્કર થશે. જ્યારે ધોરાજીની બેઠક પર પ્રવિણભાઈ માંકડીયાને ટિકિટ આપી છે. જ્ઞાતિવાદના સમીકરણોમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને મુખ્યપક્ષોએ પોરબંદર તથા જેતપુરમાં લેઉવા પટેલ તથા ધોરાજીમાં કડવા પટેલ ઉમેદવારોને મેદાનમાં ઉતારતા ખાસ કરીને પાણીની તંગી સામે ઝઝૂમતા સૌરાષ્ટ્રમાં આ પેટા ચૂંટણીમાં બન્ને પક્ષોનું પાણી અપાઈ જશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૦૬૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | |
| | ■ | ■ | ૫ | ૬ | | | ■ |
| ૭ | ૮ | ૯ | | | ■ | ■ | ૧૦ |
| ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | | |
| ■ | ૧૪ | | ■ | ■ | | ■ | ■ |
| ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | | |
| ૨૫ | | | | ■ | ૨૬ | | |

**આડી ચાવી**

૧. ગાંધીબાપુના પત્નીનું નામ (૪)
૩. વામન, નાનુ (૩)
૫. મનામણા, રીજવવું તે (૪)
૭. કટોકટી, ખેંચતાણા (૫)
૧૧. ભુંડ જેવું એક પ્રાણી (૩)
૧૨. ભેટ, સોગાત (૪)
૧૪. હોલીડે, છુટ્ટી (૨)
૧૬. ૧૦ વર્ષનો સમયગાળો (૩)
૧૯. સોલ્ડરનો ભાગ, હાથનું મૂળ (૨)
૨૧. એક આધુનિક પોશાક (૨)
૨૩. ઢોરને આઘુ ખસેડવા કરાતો ડચ જેવો અવાજ (૫)
૨૫. ધોવું, સાફ કરવું (૪)
૨૬. આપણા... ના માયાળુ માનવી (૩)

**ઊભી ચાવી**

૧. એક ખાસ પ્રકારનું પ્લાસ્ટીક જે જોરથી પકડો તોય તુટી જાય (૪)
૨. સૂક્ષ્મ, જીણુ (૩)
૩. પગથિયા વાળો કૂવો (૨)
૪. કિંમતી પથ્થર, માણેક (૨)
૬. ઉત્સવ, મહેફિલ (૩)
૮. ખાંડ, સાકર (૩)
૯. મર્યાદા (૪)
૧૦. સમય, અવસર (૨)
૧૩. યમ, યમરાજ (૨)
૧૫. રૂદન કરવું, ... કરવો (૩)
૧૭. સડી જવું (૩)
૧૮. કોચિંગ આપનાર ટીચર (૨)
૧૯. ખલ, વાટવાનો પથ્થર (૩)
૨૦. ભાવનાશાળી, લાગણીશીલ (૩)
૨૨. વિભાગ, ડાળ (૨)
૨૪. કાર્ય, કાજ (૨)

**શબ્દાવલી ૫૦૬૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ધુળેટી (૩) અમરત્વ (૬) ખરાખરી (૭) પાછળ (૯) નાવ (૧૦) નળ (૧૧) કટક (૧૨) કસોટી (૧૩) બસ (૧૫) લપ (૧૬) ગાંધારી (૧૭) પાટ (૧૮) તંગડી (૧૯) અંગ (૨૦) વહેમ

**ઊભી ચાવી :-** (૧) ધ્રુમપાન (૨) ટીખળ (૩) અખરોટ (૪) મરી (૫) ત્વમેવ (૮) છળકપટ (૧૧) કટીપતંગ (૧૩) બધા (૧૪) સરિયામ (૧૫) લપાટ (૧૬) ગાંડીવ

# ઉપાશ્રયમાંથી ચોરેલી મૂર્તિઓ વેચવા જતાં શખ્સોની ધરપકડ

અમદાવાદ,તા. ૧૪

શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા જૈન ઉપાશ્રયમાં ભોયરામાંથી ધાતુની ૨૫ જેટલી મૂર્તિઓ સહિત રૂા. ૧.૩૪ લાખની મત્તાની ચોરી કરી નાસી છૂટનાર બે શખ્સોની ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયા હતા. સોમવારે રાત્રે બે શખ્સોએ ઉપાશ્રયમાં પ્રવેશી તેમાં રહેલી ૨૫ જેટલી ભગવાનની મૂર્તિઓ ચોરી કરી વેચવા જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને ઝડપી લીધા હતા. નવરંગપુરા પોલીસે હાલ બંને આરોપીઓની વધુ પૂછપરછ હાથ ધરી છે.

ઘટનાની મળતી માહિતી મુજબ નવરંગપુરા વિસ્તારમાં આવેલા મીઠાખળી છ રસ્તા પાસે રાજેન્દ્ર સુરીજ્ઞાન ઉપાશ્રય આવેલું છે. આ ઉપાશ્રયનાં ભોયરામાં સોમવારે રાત્રે અજાણ્યા શખ્સો પ્રવેશ્યા હતા અને ભોયરામાંથી ૨૫ ધાતુની ભગવાનની મૂર્તિઓ સહિત રૂ. ૧.૩૪ લાખની ચોરી કરી નાસી છૂટયા હતા આ અંગે ટ્રસ્ટના વ્યક્તિ પ્રવિણચંદ્ર શેઠે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. તે દરમિયાનમાં બે અજાણ્યા શખ્સો ચોરીનો મુદામાલ વેચવા નીકળયા છે. તેવી બાતમી ક્રાઈમ બ્રાંચને મળી હતી. જેથી વિકટોરીયા ગાર્ડન પાસે વોચ ગોઠવી રમેશલાલસિંહ કટારા (ઉ.૩૭ રહે. એલિસબ્રિજ પુલ નીચે અમદાવાદી અને કનુભાઈ લાલસિંહ કટારા (ઉ.૨૭ રહે. એલિસબ્રીજ પુલનીચે) બંને ભાઈઓને ચોરીના મુદ્દા માલ સાથે ઝડપી લીધા હતા. બંને આરોપીઓ આ મૂર્તિઓને ૧૦ થી ૧૫ હજારમાં વેચવાનાં હતા પરંતુ વેચે તે પહેલા જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતાં. નવરંગપુરા પોલીસે બંને આરોપીઓની પૂછપરછ હાથ ધરી છે.

# કોંગ્રેસ સાંસદ અને કાર્યકરોની રાધનપુર ખાતે ધરપકડ કરાઈ

### મામલતદારને આવેદનપત્ર આપવા જતા સાંસદ જગદીશ ઠાકોર સહિત કાર્યકરોને પોલીસે આગળ વધવા ન દીધા

અમદાવાદ, તા.૧૪

ખેડૂતોની જુદી જુદી માંગણીઓ પર દબાણ લાવવાના હેતુસર કોંગ્રેસે આજે રેલીના સ્વરૂપમાં દેખાવો કર્યા હતા. આ સંબંધમાં મામલતદારને આવેદનપત્ર આપવા જતા પાટણના સાંસદ જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસના ઘણા કાર્યકરોને પોલીસે આગળ વધવા દીધા ન હતા અને પોલીસે આ કાર્યકરોની ધરપકડ કરી હતી જેથી થોડાક સમય માટે તંગદિલી ફેલાઈ ગઈ હતી. કોંગ્રેસના સાંસદ અને કાર્યકરોની રાધનપુરમાં પોલીસે ધરપકડ કરી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સરકાર દ્વારા યોજવામાં આવી રહેલા કૃષિ મહોત્સવ માત્ર તાયફા ઉત્સવ સમાન છે. વાસ્તવિક વિગતો અને પ્રજાની વ્યથા બહેરી સરકારને મળી રહી નથી. ધરપકડ કરાયેલાઓમાં રાધનપુર શહેર કોંગ્રેસ સમિતીના પ્રમુખ કાનજીભાઈ, રાધનપુર તાલુકા પ્રદેશના પ્રમુખ નવીનજી ઠાકોર અને તાલુકા હોદેદારો, કાર્યકરો અને નગરપાલિકાના પદાધિકારના હોદેદારોનો સમાવેશ થાય છે.

મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો અને નાગરિકોને સંબોધન કરતાં પાટણના સાંસદ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે ભાજપ સરકાર ઉત્તર ગુજરાતને અન્યાય કરી રહી છે. ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળતું નથી અને તેના મુખ્યમંત્રીની વાહ વાહ કરવામાં વહીવટી તંત્ર લાખો રૂપિયા સરકારી તિજોરીના વેડફી રહ્યું છે. રાધનપુર નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન નાગરિકોએ વિશ્વાસથી સોંપ્યું છે પણ, રાધનપુરની જનતાનો ચુકાદો ભાજપના સાસકોને અનુકૂળ ન પડતા રાધનપુરના નાગરિકોને અપાતા પીવાના પાણીના જથ્થામાં ૨૫ ટકા પાણી કાપ રાતો રાત જાહેર કરીને ભાજપના સત્તાધીશોએ નાગરિકોને હેરાન પરેશાન કરી મુક્યા છે.

રાધનપુર ખાતે એક્સપ્રેસ લાઈન-પાઈપલાઈન પ્રોજેક્ટ પ્લાન, એસ્ટીમેટ ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં ભાજપ શાસકોને પ્રજાએ સત્તા સ્થાનેથી ફેંકી દેતા આ કામગીરી પડતી મુકી છે.